## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના અમે વિકાસના વિરોધમાં સ્ટ્રાઈક નથી કરતા... નોટબંધ કરીને જેમ વિકાસનો ફંડા હતો તે જ અમે એપ્લાય કર્યો છે... અમે બેંક બંધ કરીને વિકાસ કરવા બેઠા છીએ...!!

# ગ-૩ નજીક બાઈકની અડફેટે મોપેડ સવાર વૃધ્ધાનું મૃત્યુ

## બેફામ જતા બાઈક ચાલકે મોપેડ પર જતા વૃધ્ધ દંપતિને રાત્રે જબરદસ્ત ટકકર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો

ગાંધીનગર, તા.૨૮

શહેરના ખ-૩ થી ગ-૩ જતા માર્ગ પર બેફામ ગતિએ જતા બાઈક ચાલક યુવાને ગઈ રાત્રે મોપેડ સ્કુટી પેપ પ્લસ લઈને જતા વૃધ્ધ દંપતિને જબરદસ્ત ટકકર મારી હતી. આ અકસ્માતમાં પતિ-પત્નિ ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલ લઈ જવાયા હતા. ઈજાગ્રસ્ત વૃધ્ધાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પ્રાણપંખેરૂ ઉડી જતા ઘાયલ પતિની ફરિયાદને આધારે સે-૭ પોલીસે બાઈક ચાલક શખ્સ સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.





મળતી મહિતી મુજબ અમદાવાદ સાબરમતી વિસ્તારના કિર્તિધામ ખાતે રહેતા ૭૨ વર્ષીય વાધજીભાઈ દલાભાઈ સોલંકી ગઈ રાત્રે તેમની પત્નિ હીરાબેનને સ્કુટી પેપ પ્લસ નં. જીજે ૧૮ આર. ૭૮૨૭માં બેસાડી શહેરના ઘ-૩ થી ગ-૩ સર્કલ તરફ એમઆરએફ શૉ રૂમ રોડ પરથી લઈ જઈ રહ્યા હતા. તે દરમિયાન ધૂમ સ્પીડે નીકળેલા બાઈક ચાલકે વૃધ્ધ દંપતિના મોપેડને જબરદસ્ત ટકકર મારી હતી. બાઈક નં. જીજે ૧૮ સી.પી. ૮૯૧૫ના ચાલકે મારેલી ટકકર બાદ ઘવાયેલા દંપતિ પતિ-પત્નિને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લઈ જવાયા હતા પરંતુ પત્નિ હીરાબેનની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. મોડી રાત્રે હીરાબેનનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. આ ઘટના અંગે મૃતક વૃધ્ધાના પતિ વાધજીભાઈની ફરિયાદને આધારે સે-૭ પીએસઆઈ વી.એમ. દેસાઈએ બાઈકચાલક સામે ગુનો નોંધી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુડા દ્વારા રસ્તા અને સ્ટ્રીટ લાઈટના ૧ કરોડના કામોનું ખાતમુહુર્ત



ગાંધીનગર, તા.૨૮

ગુડા દ્વારા ટી.પી.સ્કીમ નં.૧૬ પેથાપુર ખાતે હાલ વિકસીત વિસ્તારમાં જેમાં સિધ્ધરાજ સોસાયટી, ઉર્જાનગર સોસાયટી, સિધ્ધિ વિનાયક, મંગલમુર્તિ, સ્વપ્ન વિલા-૧, સ્વપ્નવિલા-૨, વિવિધ સોસાયટીને જોડતાં ગુડાના ટી.પી.રોડ ઉપર સ્ટ્રીટલાઈટ નાખવાનું કામ રૂા. ૨૦ લાખના ખર્ચે કુલ ૮૦ પોલ નાખવાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

જયારે પેથાપુર ગામતળને જોડતાં ૨૪ મીટર ડામર રોડનું અંદાજે ૮૦ લાખના ખર્ચે ૧.૫ કિ.મી. રોડના કામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ રોડ બનવાથી પેથાપુરને સીધો જ ગામમાં જવાનો માર્ગ ઉપલબ્ધ થશે.

વિવિધ કામોના ખાતમુહુર્ત પ્રસંગે પેથાપુર નગરપાલિકાના પ્રમુખ રણજીતસિંહ વાઘેલા, પેથાપુર શહેર સંગઠન પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહામંત્રી વાઘેલા જયદિપસિંહ, મહામંત્રી ઠાકોર મહેશજી, જીલ્લાના કોષાધ્યક્ષ અનિલસિંહ વાઘેલા, ભારતીય જનતા પાર્ટી પક્ષના નેતા દિલીપસિંહ વાઘેલા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનિષભાઈ પટેલ તથા સિધ્ધરાજ સોસાયટી, ઉર્જાનગર સોસાયટી, સિધ્ધિ વિનાયક, મંગલમુર્તિ વિવિધ સોસાયટીઓના પ્રમુખ, ગુડાના અધિકારીઓ તેમજ રહીશો મોટી સખ્યામાં હાજર રહ્યા હતા.

# હોસ્પિટલના એકસ-રે ટેકનીશિયન એ.ટી.ઉપાધ્યાયનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

જિલ્લા ક્ષય કેન્દ્ર, ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે એકસ-રે ટેકનીશિયન તરીકે ફરજ બજાવતા એ.ટી.ઉપાધ્યાય વય નિવૃત થતા તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. વિભાગીય નાયબ નિયામક થતા તેમનો વિદાય સન્માન સમારોહ આજે બપોરના સમયે હોસ્પિટલ સંકુલના એફ વિભાગમાં પ્રથમમાળે યોજાયો હતો. આ પ્રસંગે હાજર અધિકારીઓએ તેમને ફુલ-હાર પહેરાવી ગીફટ આપી નિવૃત જીવન સુખમય, નિરોગી અને આનંદમય



ડો.દિનકર રાવલ, જિલ્લા ક્ષય અધિકારી ડો. એમ.એચ. સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે હોસ્પિટલના આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણે તેઓને સાકર અને શ્રીફળ આપી નિવૃત જીવનની શુભેચ્છા પાઠવી હતી. જયારે સાથી કર્મચારીઓએ પણ એ.ટી.ઉપાધ્યાયનું ફુલ-હાર અને મોમેન્ટો આપી સ્વાગત કરીને તેમની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે ઉપાધ્યાય પણ પોતાના સાથી કર્મચારીઓ સાથે વિતાવેલો સમય યાદ કરતા આંખમાં હર્ષના આસું સરી પડ્યા હતા.આ પ્રસંગે કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૨ વર્ષથી એકસ-રે ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા એ.ટી.ઉપાધ્યાય આજે વયનિવૃત પસાર થાય તેવી શુભકામના પાઠવી હતી. ઉપાધ્યાયે જીવનના ૩૪ વર્ષ સરકારી નોકરીમાં એકસ-રે ટેકનીશીયન તરીકે ફરજ બજાવી છે. જેમાં માણસા, ચાંદખેડા, ગેરીતા કોલવડા, વિજાપુર અને છેલ્લે ગાંધીનગર હોસ્પિટલનો સમાવેશ થાય છે. આજે વયનિવૃત થતા તેઓએ જયાં પણ ફરજ બજાવી છે ત્યાંથી પણ સાથી કર્મચારીઓએ તેઓને ટેલીફોન પર અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગરના કર્મચારીઓએ તેમની નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવી હતી. આ વિદાય સન્માન સમારોહમાં હાજર સૌ કોઈ કર્મચારીઓ એ.ટી.ઉપાધ્યાયને મળતી વખતે તેમની આંખના ખુણાં ભીના બન્યા હતા. અને નિવૃત જીવન સુખાકારી નિવડે તેવી શુભકામના પાઠવી હતી.

# થાઈલેન્ડ ખાતે યોજાનાર એશિયા કપ આર્ચરીમાં પંચમહાલની કુ. પ્રેમિલા બારીયાની પસંદગી

ગાંધીનગર, તા. ૨૮

પંચમહાલ, જિલ્લાની વનબંધુ તિરંદાજ દીકરી કુ. પ્રેમિલા બારીયાની આગામી ૧૯ થી ૨૫ માર્ચ, ૨૦૧૭ દરમિયાન થાઈલેન્ડના બેંગકોક ખાતે યોજાનાર એશિયા કપ-આર્ચરીમાં ભારતીય ટીમમાં પસંદગી કરાઈ છે. કુ. પ્રેમિલાને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત(એસએજી) દ્વારા નડિયાદ ખાતે વિવિધ શ્રેષ્ઠ કોચ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવી રહી છે.

ગુજરાતના આદિજાતિ જિલ્લાના અંતરિયાળ વિસ્તારની આ ખેલાડીએ આર્ચરી રમતની તાલીમ ઘોઘંબા ખાતે રાજ્ય સરકાર દ્વારા અમલી એસએજી 'શિક્ષણની સાથે રમત'ની નીતિ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત અનુસૂચિત જનજાતિ ઈન સ્કૂલ યોજનાની શ્રીજી આશ્રમ શાળામાં લીધી છે. આ સ્કૂલમાં ઈન-સ્કૂલ ટ્રેનર ભારીયાભાઈ રાઠવા પાસેથી પ્રાથમિક તાલીમ મેળવી 'ખેલે ગુજરાત' અંતર્ગત યોજાયેલ સમર કેમ્પમાંથી હાલમાં નડિયાદ ખાતે ચાલતી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની આર્ચરી રમતની એકેડમીમાં પસંદગી પામી છે. કુ. પ્રેમિલા બારીયા હાલમાં આર્ચરી એકેડમી, નડિયાદ ખાતે એકસપર્ટ કોચ મહેન્દ્રસિંઘ સરદાર તથા સહાયક કોચ ઓમપ્રકાશ, જગદીશ ડુભીલ પાસે ઘનિષ્ઠ તાલીમ મેળવી રહી છે અને આ એકેડમીમાં આર્ચરીની તાલીમની સાથે અભ્યાસ તેમજ ન્યુટ્રીશન વગેરેની વિશેષ કાળજી રાખવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, રમતવીર કુ. પ્રેમિલા દક્ષિણ કોરીયા ખાતે આગામી તા.૨૦ થી ૨૩ જુલાઈ, ૨૦૧૭ દરમિયાન યોજાનાર ઈન્ટરનેશનલ ફિએસ્ટા સ્પર્ધામાં ભારતીય ટીમમાં પસંદગી પામી છે. ચાલુ વર્ષે ઝારખંડના જમશેદપુર ખાતે ગુજરાતની આર્ચરી ટીમ દ્વારા કાંસ્ય પદક મેળવ્યો છે. જેમાં કુ. પ્રેમિલા બારીયાએ પણ ટીમની સભ્ય તરીકે અગત્યની ભૂમિકા નિભાવી હતી. પંચમહાલ જિલ્લાના ઘોઘંબાથી ૩૦ કિલોમીટર દૂર બોર ગામની વતની છે. ખેડુત પુત્રી કુ.પ્રેમિલા બારીયા સીનિયર ચેમ્પીયનશીપમાં પણ ભાગ લઈ ચૂકી છે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા કુ. પ્રેમિલા બારીયાને અનેકવિધ ગૌરવશાળી સિદ્ધિઓ મેળવવા બદલ અભિનંદન આપીને આગામી સ્પર્ધાઓ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે, એમ એસએજીની યાદીમાં જણાવાયું છે.

# ફોન પર છોકરાઓ હેરાન કરતાં હોય તો સીમકાર્ડ બદલી દેવાનું..!

## મદદ માટે મહિલા પોલીસ સ્ટેશન પહોંચેલી કોલેજીયન યુવતીને મળેલો ઉદ્ધત જવાબ : મહિલા સુરક્ષાની અદ્ધરતાલ વાતોનું વાસ્તવીક ચિત્ર

ગાંધીનગર, તા. ૨૮

એક તરફ સરકાર અને પોલીસ બંને મહિલા સુરક્ષા માટે નીત નવી હેલ્પલાઈનો શરૂ કરે છે અને સંકટ સમયે યુવતીઓ માટે હંમેશા મદદ માટે તત્પર હોવાની ગુલબાંગો પોકારે છે પરંતુ વાસ્તવીક સ્થિતિ પાટનગરમાં ગઈ કાલે બહાર આવી છે. એક કોલેજીયન યુવતીને ફોન પર ટેલીફોનીક રોમીયો હેરાન કરતો હતો તે યુવતી હિંમત કરીને મહિલા પોલીસ સ્ટેશન પહોંચી ને પોતાની વ્યથાનું વર્ણન કર્યુ તો સામેથી મહિલા પોલીસ દ્વારા મળેલા જવાબથી યુવતી પણ ચોંકી ગઈ હતી.

શહેરમાં આવેલી એક છાત્રાલયમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને છેલ્લા ઘણા સમયથી છાત્રાલયની સામે આવેલી એક બોયઝ હોસ્ટેલનો છોકરો ફોન કરીને પરેશાન કરતો હતો. કંટાળીને આ યુવતી તેની બહેનપણીને લઈને ગઈકાલે સે. ૧૬ મહિલા પોલીસ સ્ટેશન પહોંચી હતી. પ્રથમવાર પોલીસ સ્ટેશનના પગથીયા ચઢેલી આ યુવતીએ પોલીસ સ્ટેશન બહાર પોતાના પગરખા નિકાળ્યા અને 'મે આઈ કમ ઈન' કહીને પોલીસ સ્ટેશનમાં ગઈ..! ટેલીફોનીક રોમીયો અંગે વિસ્તૃત વાત કરીને પોતાની વ્યથા મહિલા પોલીસ સમક્ષ યુવતિએ રજુ કરી ત્યાર બાદ યુવતીને ઉદ્ધત જવાબ મળ્યો કે 'છોકરાઓ ફોન પર હેરાન કરતા હોય તો સીમકાર્ડ બદલી દેવાનું... એમાં પોલીસ સ્ટેશન ધક્કા ના ખાવાના હોય..!' યુવતીએ સીમકાર્ડ ન બદલવા પાછળનું કારણ જણાવ્યુ કે તે અંતરીયાલ ગામડાની છે અને તેના માતા-પિતાને આ બાબતની જાણ થાય તો ચિંતિત થાય. ત્યાર બાદ આ ફરીયાદ એલસીબીમાં કરવાની અમને નહી તેમ કહીને તગેડી મુકતા યુવતીને પોલીસ પરથી જાણે વિશ્વાસ ઉઠી ગયો છે. મહિલા સુરક્ષાની અદ્ધરતાલ વાતોને આજે આ યુવતી સમજી ગઈ..!



# વિદ્યાભવન ખાતે એજ્યુકેશન ઈનોવેશન ફેર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા 'શિક્ષણમાં નવતર પ્રયોગો' વિષયે બે દિવસીય એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈનોવેશન ફેરમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા તૈયાર કરાયેલ ૩૧ સંશોધાન્મક કૃતિઓ રજુ કરવામાં આવી હતી.

ગાંધીનગરના સેકટર-૧૨માં 'વિદ્યાભવન' ખાતે આયોજિત આ ઈનોવેશન ફેરના ઉદ્‌ઘાટન પ્રસંગે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના નિયામક ડૉ. ટી.એસ. જોષીએ જણાવ્યું હતું કે 'યુનેસ્કો દ્વારા પસંદ કરાયેલ ભારતના પાંચ શિક્ષકો પૈકી ચાર શિક્ષકો તો ગુજરાતના જ હતા જેમણે ઉત્કૃષ્ઠ ઈનોવેશન્સ કર્યા હતા. 'ડાયેટ ગાંધીનગર દ્વારા આ પ્રસંગે જિલ્લાના વિવિધ ભાગોની મહત્વની માહિતીને ઓડિયો વિઝ્યુઅલ સ્વરૂપે રજૂ કરતી સીડીનું વિમોચન કરાયું હતું. આ ઈનોવેશન ફેરમાં રજૂ કરાયેલ સંશોધનાત્મક કૃતિઓમાં મૌલિક લેખન અભિવ્યકિત, બાળકોના શ્રવણ-કથન કૌશલ્યનો વિકાસ, ગ્રંથમંદિર, વેસ્ટમાંથી બેસ્ટ, શબ્દ ભંડોળ, સુટેવ, ઔષધિય બાગ વગેરેનો સમાવેશ કરાયો હતો.

# ગાંધીનગર-અમદાવાદના ૧૭૦ દિવ્યાંગ બાળકોએ સર્વેક્ષણ વિભાગનું પ્રદર્શન નિહાળ્યું

ગાંધીનગર, તા.૨૮

ભારતીય સર્વેક્ષણ વિભાગના ગાંધીનગર ખાતેના ગુજરાત, દમણ અને દીવ ભૂ-સ્થાનિક આંકડા કેન્દ્ર દ્વારા આજે વિજ્ઞાન દિવસ અંતર્ગત સેકટર-૧૦એમાં સર ક્રિક ભવન ખાતે વિશેષ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ભારતીય સર્વેક્ષણ વિભાગને ૨૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત આ પ્રદર્શનમાં ભૂ-સ્થાનિક વિસ્તારોના સર્વે અંગેની કામગીરીની વિવિધ પધ્ધતિઓ, તેમાં વપરાતા સાધનો તથા અલગ અલગ પધ્ધતિએ તૈયાર કરાયેલ નકશાઓ પ્રદર્શિત કરાયા હતા. આ પ્રદર્શન ખાસ અમદાવાદ તથા ગાંધીનગરની વિવિધ સંસ્થાઓના દિવ્યાંગ બાળકો માટે યોજવામાં આવ્યું હતું.





ભારતીય સર્વેક્ષણ વિભાગની સ્થાપના ૨૫૦ વર્ષ પહેલા અંગ્રેજોના શાસનકાળમાં કરવામાં આવી હતી. આથી આ ભારત સરકારનો સૌથી જૂનો વિભાગ ગણાય છે. સર્વેક્ષણ વિભાગ દ્વારા દેશની એક એક ઈંચ જમીનને આવરી લેતો સર્વે કરી વિવિધ જરૂરીયાત મુજબની માહિતી આવરી લેતા નકશા તૈયાર કરવામાં આવે છે તથા ભૌગોલિક આંકડા તૈયાર કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા પહેલાના સમયે જયારે ટેકનોલોજીનો વિકાસ નહોતો થયો ત્યારે તેના કર્મચારીઓ દ્વારા હજારો કિલોમીટરનો પગે ચાલીને અભ્યાસ કરીને નકશા તથા અન્ય વિગતો તૈયાર કરાતી હતી. અત્યારના આધુનિક યુગમાં સેટેલાઈટની મદદ ઉપરાંત અત્યાધુનિક સાધનો તથા કોમ્પ્યુટર્સ અને સોફટવેર જેવી ટેકનોલોજીના ઉપયોગ થકી નકશા, માહિતી તથા અન્ય ઉપયોગી ડેટા તૈયાર કરાય છે. આ વિભાગની સ્થાપનાને ૨૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજે સર્વેક્ષણ વિભાગ દ્વારા 'નેશનલ સાયન્સ ડે ૨૦૧૭'ની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણી 'સાયન્સ એન્ટ ટેકનોલોજી ફોર સ્પેશિયલ એબલ્ડ પર્સન્સ' થીમ અંર્ગત કરવામાં આવી હતી જેમાં ગાંધીનગર તથા અમદાવાદની વિવિધ સંસ્થાઓના ૧૭૦થી વધુ દિવ્યાંગ બાળકોએ મુલાકાત લઈ પ્રદર્શન નિહાળ્યું હતું.

# આરટીઓમાં સર્વર ડાઉન થતા નાગરીકો હેરાન-પરેશાન

## ટેક્ષબારીના કોમ્પ્યુટર સવારથી સાંજ સુધી બંધ રહેતા વાહન માલિકો કંટાળીને પરત ફર્યા

ગાંધીનગર, તા.૨૮

સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ પેપરલેસ આરટીઓ કચેરી પાટનગરની છે. શહેરની આરટીઓ કચેરી અધ્યંતન અને મોડલરૂપ છે. પેપરલેસ કચેરીમાં તમામ કામકાજ કોમ્પ્યુટરમાં થાય છે. ત્યારે ગાંધીનગર આરટીઓ કચેરીમાં આજે ફરીવાર સર્વર ડાઉન થતા નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા હતા. કચેરીમાં આજે સવારથી જ વાહનોના ટેક્ષ લેવાની બારી પરના કોમ્પ્યુટરમાં સર્વર ડાઉન હોવાથી બંધ રહેવા પામ્યા હતા. જેથી ટેક્ષ ભરવા માટે આવેલા નાગરીકોએ વીલા મોંએ પરત ફરવાનો વારો આવ્યો હતો. તો બીજીતરફ ચોઈસ નંબર માટેની પણ એક પણ રસીદ કોમ્પ્યુટર બંધ રહેવાને કારણે વાહન માલિકોને મળી શકી નથી.આરટીઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉનને પગલે નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.

ગાંધીનગર આરટીઓ કચેરીમાં વાહનનો ટેક્ષ ભરવાની બારી પર સવારથી જ વાહન માલિકોની ભારે ભીડ જોવા મળી હતી. પરંતુ માંડ બે ત્રણ રસીદ આપી હશે ત્યાં સર્વર ડાઉન થતા કોમ્પ્યુટર બંધ થઈ ગયા હતા. જેને પગલે આજે મહિનાના છેલ્લા દિવસે જેનો ટેક્ષ બાકી હોય તેવા માલિકો મુસીબતમાં મુકાયા હતા. જયારે સવારથી સાંજ સુધી કોમ્પ્યુટર શરુ થાય તેની રાહ જોઈને આખરે કંટાળીને પરત ફર્યા હતા.ટેક્ષ બારી પર વાહનનો ટેક્ષ, ટ્રાન્સફર, નો ડીયુ, ફીટનેસ સર્ટીના નાણા અહીં સ્વીકારવામાં આવે છે. તે ઉપરાંત નવા વાહનના ચોઈસ નંબર માટના નાણા પણ આ બારી પર ભરીને રસિદ લેવાની હોય છે. પરંતુ સર્વર ડાઉનને પગલે ટેક્ષની લેવાની તમામ કામગીરી બંધ રહેવા પામી હતી. જયારે સાંજે પાંચ વાગે કોમ્પ્યુટર કાર્યરત થતા હાજર હોય તેવા માત્ર ગણ્યાં ગાંઠ્યા વાહન માલિકો પોતાના વાહનના ટેક્ષની રકમ ભરપાઈ કરી શકયા હતા. પરંતુ આરટીઓમાં વારંવાર સર્વર બંધ થવાના ધાંધિયાથી વાહનમાલિકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.

# ગાંધીનગર ખાતે સમસ્ત આદિવાસી સમાજ આયોજીત અભિવાદન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૨૮

તા. ૨૬-૨-૨૦૧૭ના રોજ સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજય આયોજીત અભિવાદન-સત્કાર સમારોહના એક ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના શૈક્ષણિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને ખેતીકીય, રાજકીય, સામાજીક શિલ્પ સ્થાપત્ય, ચિત્રશૈલી, ફિલ્મકારો, સાહિત્ય રચૈતા, રમતક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ઝળહળતી સિધ્ધી અપાવનારા સમાજના ૭૨ જેટલા તેજસ્વી પ્રતિભા સંપન્ન, શૌર્ય અને સાહસવીરોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

સમાજના અગ્રણીઓ અને ઉચ્ચ રાજકીય કારકીર્દી અને સેવા આપનારા ગણપતભાઈ વસાવાના અધ્યક્ષપણા હેઠળ આદિવાસી સમાજના તમામ પક્ષ ધારાસભ્યો અને સાંસદની હાજરીમાં ભારત સરકારના એસટીએસસી કમિશનના ઉપાધ્યક્ષ અને કાર્યક્રમના ઉદઘાટક માનનીય શ્રીમતી સુશ્રી અનસુયાબેન ઉકેના હેઠળ સફળ સુપેરે સંપન્ન થયું હતું. સમાજના આઈપીએસ, આઈએએસ અધિકારીઓ પૈકી વી.એમ. પારગીએ પોતાના વકતવ્યમાં સમસ્ત આદિવાસી સમાજની કામગીરીને બિરદાવતા કહ્યું કે આવા કાર્યક્રમ થકી સમાજની ઉગતી પ્રતિભા સંપન્ન, સાહિસકતાને પ્રોત્સાહન મળે છે. સમાજના આર્થિક રીતે નબળા પણ હોંશિયાર એવા વિજ્ઞાન પ્રવાહમાં 'બી' ગ્રુપના વિદ્યાર્થીઓ માટે ૩૯ લાખની મદદ તેજસ્વી વિદ્યાર્થીઓને કરવાની ભાવનાને બિરદાવી એસ.એ.એસ.ના પ્રમુખ ડૉ. ગરાસિયાની અને તેમની ટીમની કામગીરીને બિરદાવી હતી.

ડૉ. પ્રદીપ ગરાસિયા દ્વારા મંડળની પ્રવૃત્તિની રૂપરેખા અને ભાવી આયોજનની ઝાંખી કરાવી હતી. ઉપાધ્યક્ષા અનસુયા ઉકે એ જણાવ્યું કે આદિજાતિ આયોગની રચના-ઉદ્દેશ્ય, કામગીરી અને આદિવાસીઓની સમસ્યાઓના કોઈ પણ પ્રશ્નોના ઉકેલ માટે કટિબધ્ધતા દર્શાવી હતી.

સમારોહના અધ્યક્ષ મહોદય ગણપતભાઈ વસાવાએ પોતાના વકતવ્યમાં સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજયની કામગીરીને બિરદાવી જે આદિવાસી સમાજના પ્રશ્નોનો ઉકેલ માટે સમાજ, સરકારના પ્રયત્નોની માહિતી આપી શિક્ષણ ક્ષેત્રમાં હોસ્ટેલ, પ્રવેશ ફી, સિંચાઈ પ્રશ્નો માટે પોતે પણ ચિંતિત છે. આદિવાસી સમાજના પ્રશ્નો માટે વર્તમાન ધારાસભ્યો સાથે સરકારમાં તેમની યોગ્ય રજુઆત માટેની તેમણે વાત કરી હતી.

સમારોહમાં આવકાર પ્રવચન સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજયના મહામંત્રી પી.એમ. કટારા દ્વારા અને સમારોહની આભારવિધિ ડૉ. ચેતનભાઈ પટેલ દ્વારા થઈ હતી.